॥ ॐ नमो. ॥

લાલબાવાનાંલગ્ન

યાને.

મંદીરમાં માંગલ્ય.

श्रवणं किर्तनं विष्णो, स्मरणं पाद सेवनम् ।
अर्चनं वंदनं दास्य, सख्य मात्म निवेदनम् ॥ १ ॥

પ્રસીદ્ધ કરનાર.
પ્રસાદરાય નંદલાલ પંડિત.

ધી “ રાંદેર ” પ્રિન્ટિગ પ્રેસ—સુરત.

કીંમત. ૦-૦-૬ છ પાઇ

એક નૂર આદમી; હજાર નૂર કપડાં !

માણસ કપડાં પહેરે તે પોતાની શોભા માટે છે. કપડાંની શોભા ઝરી કામના શણગારથી વધે છે. એમાંજ ધરની મોટાઇ છે.

સાડીની કોર, તરેહવાર ટોપી, ઝભલાં, પોલકાં, ચોળી વિગેરે અનેક જાતના પોશાકપર ઘરાકને પસંદ પડે તેવી રીતે ભરોંસા અને ખાત્રીથી કામ કરી આપવામાં આવે છે.

જો તમારે સ્વચ્છ, મનપસંદ, વખતસર, અને દરેક રીતે જમાના અને ફેશનને લગતું ભપકાદાર કામ કરાવવું હોય તો એકવાર અમારી દુકાને કામ પાડી ખાત્રી કરો.

કામ તદન ચોખ્ખી ચાંદીનું, કાયમ ચળકાટ મારે તેવું છે અમારો માલ કદી કાળો પડતો નથી, છેતરવાની બ્હીક નથી. બહારગામના ઘરાકોના કામ માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે. નમૂનેદાર કામ જોવાની ઇચ્છા રાખનારાઓને એકવાર કામ પાડી જોવા ખાસ વિનંતી છે.

હુશીઆર કારીગરોએ અમારી મોટામાં મોટી ફતેહ છે.

મેમણ ઉમરભાઇ ઉસ્માનભાઈ.

ઠે૦ શા૦ ઝીણાભાઇ ભાઇદાસની જાણીતી
વોશીંગ કંપનીની પાસે

ભાગાતળાવ—સુરત.

લાલબાવાનાં લગ્ન

યાને

મંદીરમાં માંગલ્ય

ગૌસ્વામી શ્રી ૧૦૮ શ્રી બ્રીજરત્નલાલજીનો
લગ્નોત્સવ વર્ણન.)

मंगलाचरण.

शार्दुल

येषां श्री मदयशोदा सुत पद कमले
नास्ति भक्ति र्नराणां ।
येषां माभीर कन्या प्रिय गुण कथने
नानु रक्ता रसज्ञा ॥
येषां श्रीकृष्ण लीला ललित रसकथा
सादरं नैव कर्णौ ।
धिकताम् धिकताम् धिगेतां कथयाति सततं
किर्तनस्थो मृदंग ॥ १ ॥

ગીતી.

ગણુનાયક વરદાયક, થઇ સ્હાયક સુખ દાયક વિભુ મારા,
શ્રંઆરંભે સ્મરતાં, સુર સમુદાયક સ્મરતાં પ્રભુ પ્યારા.

દોહરો.

જય જય જગના રાજને, જય છાસેઠનું સાલ;
લગ્ન લાલબાવા તણા, નિર્ધાર્યા સુભ કાલ. ૧
ધન મંગળ દિન આજનો, ધન મંગળ ઘડી આજ;
મંગળ ગાયે માનુની, મંગળનાજ અવાજ. ૨
મોતી તન તુલા તણા, પ્રથમ નમ્ર પોકાર;
સ્હાય થજો ઘનસ્યામજી, સુભ કારજ માંઝાર. ૩

(લાવણી)

સુર્ય સુતા સરિતાને તીરે, શહેર સુરત્ત સારૂ શોભે:
શ્રીમંત શેઠની હવેલીઓ, મંદીર ભાળીને મન લોભે;
બળવંતા શ્રી બાળ કૃષ્ણુજી, બાળે વેષ બીરાજે છે.
વૈષ્નવ જનના જે જે નાદથી, મંદીર મનહર ગાજે છે.
શ્રી કૃષ્ણચંદ્ર કીરતાર કૃપાથી, દુધડે મેઉલા વરસ્યા છે,
લગ્ન લાલ બાવાનાં જાણી, વૈસ્નવ જન સૌ હરખ્યા છે.
મગનલાલ મહારાજ તણા તન, વૈસ્નવ જનને વહાલા છે.
બોલો જય બ્રિજરત્નલાલની, બાવા બહુ ગુણવાળા છે.

(ચાલો ચાલોરે સાહેલી સૌ સાથ)

રૂડુ મનોહર મંદીર વિશાળ, જોવાને જઈએ
જ્યાં બિરાજે ગોસાઇઆલાલ, જોવાને જઈએ
કારભારીઓ કારજ કાજે, કરતા દીલથી કામરે.
જાળી,જરૂખાં, મંદીર મનહર, રંગાવ્યુજ તમામ. જોવાને.
રમણીય મંડપ રૂડો રચ્યોછે, શોભાનો નહીં પારરે,
આસોપાલવના તોરણે શોભે,જાણે ઈંદ્ર તણા-
દરબાર. જોવાને
વ્હાલ ધરી મહિલાઓ પ્રેમે, પ્હેરી વિવિધ શણગારરે
બળવંતા શ્રી બાળકૃષ્ણની, બોલતા જય જયકાર-
જોવાને-

(કંકુ છાંટી કંકોતરી મોકલે)

સજની આજે મંગળ દીન જાણીએ. (૨)
ગાઇએ ધવળ મંગળ ગીત, ધરી મન પ્રીત
અવસર રૂડો આવીઓ.
આજે સોનાનો સુરજ ઉગીઓ. [૨]
થાએ આનંદ ઓચ્છવ ઘેરે ઘેર, માનો પ્રભુ મે'ર
અવસર રૂડો આવીઓ.
જીરે સંવત ઓગણીસ છાસેઠનું. [૨]
રૂડુ બેઠુ છે મંગળ સાલ, વિવાહ વિશાળ.
અવસર રૂડો આવીઓ.

જીરે ગ્રીષ્મ રૂતુ રળીઆમણી. (૨)
રૂડો ચાલતો ચઈતર માસ, વૈષ્ણવ ઉલ્લાસ,
અવસર રૂડો આવીઓ.

સજની સુવસ્ત્ર સજીને સંચરો. [૨]
પ્રેમે પેરી પૂરણ શણગાર, થાઓ તઈઆર
અવસર રૂડો આવીઓ.

આજે આનંદ ઓચ્છવ માનો બેનડી. [૨]
વદી પડવા તીથીનો બા'ર, સુખકર સોમવાર.
અવસર રૂડો આવીઓ.

ધોળ.

આજની ઘડી તે રળીઆમણી. (૨)
સોભે સૂર્યપુરી તે સોહાણુણીજીરે.—આજની ઘડી.

હાંરે રૂડી સાકર થાળી કર ધરો, (૨)
ચાલો લઈને વધાવો વહાલથીજીરે.—આજની ઘડી.

હાંરે રૂડાં મંગળ ગીત મુખે ઓચરો (૨)
થાએ આનંદ વાજીંત્રના નાદથીજીરે.—આજની ગડી.

હાંરે રૂડા કારજે મહાલો માનુની. (૨)
બોલો બલીહારી, બ્રીજલાલનીજીરે.—આજની ઘડી.

૭

(મારે મંદિરે પધારો યોગીરાજ.)

આજ મંદીરે પધારો ધરી હર્ષ જન સમાજ.
લગ્ન પ્રસંગ લાલ બાળનો.

લાગે મંડપો રસાળ, લાલ શોભતા.
માંહે બાંધીઆ પતાકા બહુ ઓપતા.
હાંડી ઝુમરો અતિ ઝલકાર, શુભ કાજ.
લગ્ન પ્રસંગ લાલ બાળનો.

મળી માનુનીઓ હર્ષને દેખાડવા.
રૂડાં ગીત ધોળ મંગળો ગવાડવા.
થાએ રૂમઝુમ નેપુરના ઝણુકારના અવાજ.
લગ્ન પ્રસંગ લાલ બાળનો.

કંઇક ઉભી છે શીશુઓ લઇ સાથમાં.
કંઇક વનિતા વળી છે વધુ વાતમાં.
આજ ઘોડે ચઢે વૈષ્ણવો સહુનો શિરતાજ.
લગ્ન પ્રસંગ લાલ બાળનો

વાગે વાજીંત્ર બહુ ભાત ભાત ભાતનાં
થાએ રાગના અલાપ જાત જાતના
જોવા જન આવે દેશ વીદેશોથી ચડી આજ
લગ્ન પ્રસંગ લાલ બાળનો

મગનલાલ બાળ બ્રિજ રત્ન લાલજી.

મુખ ચંદ્રને શમાન છે રસાળજી.
ચુનીલાલ ચીતવેછે વાલા મુખ છબીને રાજ
લગ્ન પ્રસંગ લાલ બાળનો

મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે,
વલ્લભ કુળ તણી એ ગાદી, કીરતી પ્રસરી રહીછે અનાદી,
સહુ થઇને હીત વાદી, વધાવે વા'લથીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
શ્રીજ રૂપ મંદીર મન ધાર્યું, રત્નરૂપ રંગે શણગાર્યું.
લાલે કુળ દીપાવ્યું લટકતી ચાલથીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
વૈષ્ણુવ જનને છો બહુ વાલા, તમ ઉપર મોહ્યા રહીઆળા,
અગણિત નરને લાલ ન્યાળે ખ્યાલથીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
દેશ વિદેશ થકી જન આવે, લાલ જોઇ મોહું મલકાવે,
મોતી, પુષ્પ વધાવે વ્હાલથીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
સુભ સાલ છાસઠનું આવ્યું, વૈષ્ણુવ જન તણે મન ભાવ્યું,
ઉમંગ ઉર સહુ લાવ્યુ, અતી ખુશહાલથીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.

ચૈતર કૃષ્ણપક્ષ રઢીઆળો, પ્રતિપદા સોમવાર રૂપાળો,
અશ્વારોહણ વાળો વધામણી ચાલતીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
જુગતે જોડ મળી સુખકારી, બલીહારી તારી ગીરધારી,
તુજ પદ સેવા કાજ નંદગોપાળજીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.
અખંડ જોડ રહો જગમાંહે, જન મંડળ માંહે ઊચરાયે,
ચુનીલાલ ચીત ચાહે ખુશાલી લાલનીરે.
મંદીર સોભેછે વલ્લભ કુળદીપક બાલથીરે.

(રઘુપતિરામ.)

સખી આજે આનંદે આવોરે.
લાલબાવાને પ્રેમે વધાવોરે.
મુખે ગીત મધુરાં ગાવો.
અવસર રૂડો આજ વૈશ્નવ જનનેરે
કીધાં પીતાંબર પરિધાનરે.
સોભે લાલા રૂપ નિધાનરે.
માંહોમાંહિ મહિલા કરે ગાન.
અવસર રૂડો આજ વૈશ્નવ જનનેરે
ધર્યાં વસ્ત્ર સોભીતાં રસાળરે.
પેર્યો મુગટ આક ઝમાળરે.

આવે વૈશ્નવ જનને વ્હાલ.
અવસર રૂડો આજ વૈશ્નવ જનનેરે
કંઠે ધારી છે મુકતાની માળારે.
લાગે કુંડળ કર્ણે રૂપાળારે.
ચાલ્યા ઘોડે ચઢીને વહાલા
અવસર રૂડો આજ વૈષ્ણુવ જનનેરે

રાગ. (ઝાંઝર ઝમકે ને ઘુઘરી ઘમકે)

સારૂ શોભે શે'ર ને આનંદ ભેર, આનંદ વૈષ્ણુવ ઘેરરે
લાલબાવાનાં લગ્ન.

ભીડાભીડ થાય, આનંદ ન માય, માનુની મંગળ ગાયરે લા૦
ખાસો મંડપ શોભે, ને મનડાં લોભે, બ્રિજરનનલાલ શોભેરે ”
લા'વો તો લઇએ, ને દર્શને જઇએ, મંડપ જોઇ રાજી થઇએરે
લાલબાવાનાં લગ્ન.

લગ્ન મંડપ રચીયા, ને આનંદ વસીયા, બાળકૃષ્ણુજી ઘણા
રશીયારે લાલબાવાનાં લગ્ન.

રમઝમ ચાલે ને સુંદરી મહાલે, સરખી સઇયરો સાથે
ચાલેરે લાલબાવાનાં લગ્ન.

નમી નમી રહીએ ને સુખીઆ થઇએ, દર્શનના લ્હાવા
લઇએરે લાલબાવાનાં લગ્ન.

છોગાળા છેલા, રસીક અલબેલા, ચાલો નીરખીએ વે'લા
વે'લારે લાલબાવાનાં લગ્ન.

ડણુકા વાગે ને ચટપટી લાગે, વૈષ્ણવ જન પાયલાગેરે–લાલ-૦
દાસ નમે છે ને પાય પડે છે, અનીરૂદ્ધ મન ગમેછેરે–હાલ-૦
સકળ નરનારી, જાય બલીહારી, લાલબાવાને વારી વારીરે
મંદીરમાં માંગલ્ય.

(મહીડાં વેચે ચંદ્રાવળી)

સૂર્યપુરી સોહામણીરે સોભે તાપી કીનારે (૨)
નાણાવટમારે વીઠ્ઠલનાથ પ્યારે (૨)
બિરાજતા બળવંતારે, બળીયા ભારે.

સાખી.

વીઠ્ઠલવાડી વ્હાલથી, ધરી મન અતિ ઉલ્લાસ
બંધાવી અતિ હોંસથી, હરખે તાપીદાશ.

મનોહરવાડી–લગ્ન ક્રીયા માંડી. [૨]
રચ્યો અલૌકિક મંડપરે, કારીગરો બેસાડી.
લીલા લાલ રંગે, લગ્નને પ્રસંગે (૨)
ઇંદ્ર ભુવન સમો સોભતોરે. ઉડે ધ્વજા ઉમંગે
તખ્તાને હાંડી, તોરણો ભારી, (૨)
ઝુમ્મરો ઝાઝા ઝળકતાં, વાડીનો ઠાક ભારી.

સાખી.

સુર્ય નારાયણ શોભતા, સજી સુંદર શણગાર.
વલ્લભ કુલનો દિવડો, થયો ઘોડે અસ્વાર.
વૈષ્ણવ સાજનમાં, આનંદ જન મનમાં. (૨)
વલભ કુળનાં બાળકોરે, શોભે લાલ લગનમાં
જીવણલાલ જશવંતા, બાળ કૃષ્ણ બળવંતા (૨)
અરિરૂદ્ધ આવ્યા હરખંતારે, વરઘોડે શોભંતા.

સાખી.

બીજા યદુ કુલ બાળકો, મન ધરી ઊમંગ,
પધારીયા બહુ પ્રીતથી, પ્યારો ગણી પ્રસંગ.
કાંકરોલીવાળા, સાથે જીવણલાલા. (૨)
મધુસુદનજી મન મહાલ્યારે, બોલો જય જય ગોપાળા
નગરીની નારી, જય જય લલકારી. (૨)
કરતી દોડાદોડ ભારીરે; કોડે શીશુ સમારી.

સાખી.

વરઘોડો બાવા તણો, ભાળી વાડી બહાર.
લાલ લલિતને પોંકવા, આવ્યાં શજી શણગાર.
વૈશ્નવને વ્હાલા, પોંકતી લાલા. (૨)
વિપ્રો વદે વેદ વ્હાલથીરે, વાગે વાજાં રસાળાં,
મંડપ મનોહર, બીરાજ્યા અંદર. (૨)
જોડી શી શોભે બાવાનીરે, જાણે પુર્ણીમા ચંદર.

સાખી.

મંડપ માંહે શોભતાં, લાલા સાથ સજોડ.
વૈષ્નવ જન સૌ બોલતા, જય જય શ્રી રણછોડ.

આજે માનુની મંગળ ગાએરે. (૨)
આનંદ ઓચ્છવ, જનમન થાયરે. (૨)
રાખો જોડી અમર જુગ દીશરે. (૨)
વૈષ્ણુવ જનના છો વહાલા ઇશરે. (૨)
જે કોઇ લાલનાં લગ્નને મુખેરે. [૨]
ગાય સદા રહે તે સુખેરે. (૨)
પ્રભુ પુરસે મનના કોડરે. (૨)
સુખી રાખો સદા રણછોડરે. (૨)

(દોહરા)

સદ પુરૂષોની સોબતે, સદ વીચારો થાય
ગણના રૂડી લોકમાં, સહુજનની લેખાય--૧
જ્ઞાન વધે રીતભાતનુ, ભાન ભલેરૂ થાય
લુચ્ચા જનના હાથમાં, તે કદિ નવ સપડાય—૨
અવગુણ અળગા થાય છે, સદગુણ ભેળા થાય
સદપુરૂષોની સોબતે, પદવી શ્રેષ્ટ પમાય—૩
ધર્મ કર્મ સૂઝે ઘણાં, સૂઝે કરવા દાન
દયા વધે છે દીલમાં, નહિ જેનું પરમાણ-૪

સદ્દપુરૂષોની સોબતે, અનંત લાભો થાય.
પંડિત ઉચરે પ્રેમથી, જો મનમાં સમજાય-૫

સાખી.

વિજય વિજય જય પામજો, યાચે શંકર પાસ
મગ્ન લાલ બાવા રહો, એવી કવિ મન આશ.
રચી ભાવથી છે મતિ છેક થોડી.
નમી માફી માગે તુલા હાથ જોડી.
છો સુગ્ન સજ્જન સુધારીજ વાંચો.
ફરી દાસ હું મોતીનો લાલ નાચ્યો.
પ્રસાદીમાં પોથી રચી, ગ્રહો રંકને રાય.
નંદલાલનો બાળ તે, થાશે નિશદીન સ્હાય.



પુષ્ટી માર્ગ પ્રવર્તક, વલ્લભ કુળમણુ.

ગૌસ્વામી શ્રી ૧૦૮.

શ્રી બ્રીજરત્નલાલજી મહારાજને।.

સુંદર ફોટો.

હરેક વૈશ્નવોને પુંજામાં

રાખવા લાયક.

કીંમત રૂ ૦-૨-૦.

મળવાનું ઠેકાણું.

ઠક્કર બ્રધર્સ.

ભાગાતળાવ-સુરત.